## લોકોને સુરક્ષા અંગે માહિતગાર કરાયા

# ઝઘડિયા જીઆઈડીસીમાં સેફ્ટી વીકની ઉજવણી

। ઝઘડિયા ।

ઝઘડિયા જીઆઈડીસી દ્વારા સેફ્ટી વીક ની ઉજવણી કરવામાં આવી હતી. સપ્તાહ દરમિયાન કંપની દ્વારા સેફ્ટીને લગતા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. ડીસીએમ કંપની દ્વારા સેલોદ ગામે શાળાના વિદ્યાર્થીઓ અને ગ્રામજનોને સેફ્ટી બાબતે અસરકારક આયોજન થાય તેવા આશયથી માર્ગદર્શન, માહિતી આપવામાં આવી હતી.

ઝઘડિયા જીઆઈડીસીમાં તા. ૪. ૩. ૧૯ થી ૧૦. ૩. ૧૯ દરમિયાન સેફ્ટી વીકની ઉજવણી અલગ અલગ પ્રકારે કરવામાં આવી હતી. જીઆઈડીસીની ડીસીએમ શ્રી રામ અલ્કલી એન્ડ કેમિકલ દ્વારા સેફ્ટી વીક ની વિશેષ ઉજવણી કરાઈ હતી. સેફ્ટી વીકની ઉજવણીના ભાગરૂપે કંપનીના કાર્યકરો, વિદ્યાર્થીઓ, કોન્ટ્રાક્ટર્સ અને જનસમુદાય ને સાથે રાખી રેલી, પ્રદર્શની, પ્રશ્નોત્તરી, રમતો, ચિત્ર સ્પર્ધા, નિદર્શન વિગેરેનું આયોજન થયું હતું. કંપનીના સિનિયર પ્રેસિડેન્ટ અને યુનિટ હેડ કે. આર. વૈદ્ય દ્વારા સેફ્ટી ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો.



ઇન્ડસ્ટ્રીઅલ સેફ્ટી અંગે વિવિધ પહેલું બાબતે વિશેષ માહિતી અપાઈ હતી. કંપનીના એક્ઝીક્યુટીવ ડિરેક્ટર અને સીઈ ઓ, પ્રેસીડેન્ટ આદિત્ય શ્રીરામ દ્વારા કંપની કર્મચારી ઓની હાજરીમાં સેફ્ટી પ્રદર્શન ખુલ્લુ મુકવામાં આવ્યું હતું.